# કોંગ્રેસ બેકફુટ પર : ૪ ધારાસભ્યોના રાજીનામા

**વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા તમામ ૪ના રાજીનામાનો સ્વિકાર વિધાનસભામાં આજે નામની સત્તાવાર જાહેરાત : વધુ બે ધારાસભ્યોના રાજીનામાની ગાંધીનગરમાં ભારે ચર્ચા**

ગાંધીનગર, તા. ૧૫

૨૬મી માર્ચના દિવસે ગુજરાતમાં યોજાનારી રાજયસભાની ચાર બેઠકોની પ્રતિષ્ઠિત ચૂંટણી પહેલા કોંગ્રેસના ચાર ધારાસભ્યોએ આજે રાજીનામા આપી દેતા કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો. સાથે સાથે રાજયસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ગાબડા પડવાનો સિલસિલો શરૂ થયો છે. સીટ ગુમાવવાનો ખતરો પણ વધી ગયો છે. શનિવારના દિવસે જ તેમના રાજીનામા કોંગ્રેસના ચાર ધારાસભ્યોએ સોંપી દીધા હતા. વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ તેમના રાજીનામા સ્વિકારી લીધા છે. ત્રિવેદીએ આજે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી કે, જો કે તેમણે કહ્યું હતું કે, રાજ્ય વિધાનસભાના મંચ પર ધારાસભ્યોની જાહેરાત






આવતીકાલે કરશે. ધારાસભ્યોએ સ્વૈચ્છિકરીતે રાજીનામા આપ્યા હોવાના અહેવાલ મળ્યા છે. કોંગ્રેસના કેટલા ધારાસભ્યોએ રાજીનામા આપ્યા તેને લઈને વિરોધાભાષની સ્થિતિ જોવા મળી રહી છે પરંતુ કેટલાક અહેવાલમાં પાંચના નામ પણ આવ્યા છે. ચારના રાજીનામા અધ્યક્ષે સ્વિકારી લીધા છે. ગઈકાલે સાંજે પાંચ વાગ્યાથી મોડી રાત સુધી ચાર ધારાસભ્યોના રાજીનામા આવ્યા હતા. સુત્રોના કહેવા મુજબ કોંગ્રેસના એક ઉમેદવાર ફોર્મ પરત ખેંચી શકે છે. કોંગ્રેસે બે ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છે જેમાં શક્તિસિંહ ગોહિલ અથવા તો ભરતસિંહ ફોર્મ પરત ખેંચે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. કોંગ્રેસના સભ્યો હજુ પણ અહેવાલોને રદિયો આપી રહ્યા છે. પ્રદ્યુમનસિંહ જાડેજા, સોમા ગાંડા, પ્રવિણ મારુ, જેવી કાકડિયાના રાજીનામા આવી ગયા છે જ્યારે મંગળ ગાવિતના રાજીનામાની પણ ચર્ચા છે. જો કે, સત્તાવાર જાહેરાત આવતીકાલે કરવામાં આવનાર છે. બીજીબાજુ, આ રાજકીય ઉહોપોહ વચ્ચે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ તેમના પક્ષ કોંગ્રેસમાંથી કોઈપણ ઈમાનદાર ધારાસભ્યએ રાજીનામા આપ્યા હોવા બાબતે સાફ ઈન્કાર કર્યો હતો. ધાનાણીએ દાવો કર્યો હતો કે, કોંગ્રેસમાંથી હજુ કોઈ ધારાસભ્યએ રાજીનામા આપ્યા નથી, આ માત્ર અફવા અને વાતો છે.

આ ઘટનાક્રમ વચ્ચે કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામા મામલે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો જે અમારા બધાના સંપર્કમાં હતા.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના બે કોંગી ધારાસભ્યો જયપુર પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા આજે હવાઈ માર્ગે જયપુર જવા રવાના થયા છે. તેમની સાથે ૨૫ જેટલા ધારાસભ્યો જયપુર પહોંચી રહ્યાનું તેમણે જણાવ્યુ હતુ.

જિલ્લાની ત્રણ બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર ગઈકાલે જયપુર પહોંચી ગયા છે. જ્યારે માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ નાદુરસ્ત તબિયતને લઈ હાલ ક્યાંય ગયા નથી.

**બળદેવજી ઠાકોર ગઈકાલે પહોંચ્યા હતા જ્યારે ડો. સી. જે. ચાવડા આજે જવા રવાના થયા**

જયપુર જતા પહેલાં સી.જે. ચાવડાએ જણાવ્યુ હતુ કે અમે આજે ૨૫ સભ્યો જઈ રહ્યા છીએ ૧૫ ધારાસભ્યો ત્યાં પહોંચી ચુક્યા છે જ્યારે બાકીના સભ્યો કાલે આવશે.

બીજી તરફ રાજ્યસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ચાર ધારાસભ્યોના રાજીનામા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને મળ્યા છે. તેઓ કાલે સત્તાવાર જાહેરાત કરશે. જો કે આજે તેમણે એટલુ જ જણાવ્યુ હતુ કે સાંજે ૫.૩૦ પછી અને રાત્રીના બાર વાગ્યા સુધીમાં અલગ અલગ સમયે આ સભ્યોના રાજીનામાના પત્રો તેમને રૂબરૂમાં આપી આવી ગયા છે અને તેમની ખરાઈ પણ કરવામાં આવી છે. રાજીનામા સ્વેચ્છાએ આપ્યા હોવાનું તેમણે જણાવ્યુ હોવાથી મેં રાજીનામાનો સ્વીકાર કર્યો છે. પાટનગરના રાજકીય વર્તુળોમાં પાંચ ધારાસભ્યોના રાજીનામાની વાતો ચર્ચાઈ રહી છે તેમાં સોમાભાઈ ગાંડાભાઈ પટેલ, પ્રવિણભાઈ મારૂ, પ્રદ્યુમનસિંહ જાડેજા, જે.વી. કાકડિયાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસમાંથી હજુ વધુ રાજીનામા પડવાની દહેશત

**ગુજરાત કોંગ્રેસમાં હાલમાં ભૂકંપ જેવી સ્થિતિ : ગુજરાતના સંગઠન નેતા સહિત હાઇકમાન્ડ દ્વારા ડેમેજ કન્ટ્રોલ કવાયત**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી પહેલા જોરદાર ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટી પોતાના સભ્યોને અકબંધ રાખવા માટે પુરતા પ્રમાણમાં પ્રયાસ કરી રહી હોવા છતાં રાજીનામાઓના અહેવાલ આવી રહ્યા છે જેના લીધે ગુજરાત કોંગ્રેસમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. કોંગ્રેસના ધારાસભ્યોને અકબંધ રાખવા અને તેમનામાં વિશ્વાસ જાળવી રાખવાના પ્રયાસો થઈ રહ્યા છે. અનેક પ્રકારની અટકળો ચાલી રહી છે પરંતુ કોંગ્રેસના નેતાઓ દ્વારા આ પ્રકારના અહેવાલોને રદિયો આપવામાં આવી રહ્યો છે. કોંગ્રેસી નેતાઓના અકબંધ હોવાના દાવા છતાં હજુ પણ કોંગ્રેસમાંથી વધુ રાજીનામા પડવાની ગંભીર દહેશત છે, જેને લઈ કોંગ્રેસના ગુજરાતના સંગઠનના સ્થાનિક નેતાઓ સહિત ખુદ હાઈકમાન્ડની ડેમેજ કંટ્રોલ માટે દોડધામ જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપને ત્રણ બેઠકો જીતવા માટે હવે એક જ મત ખૂટશે

**રાજ્યસભા ચૂંટણી ફરી હાઈવોલ્ટેજ ડ્રામા સર્જી શકે : કોંગીનો એક ઉમેદવાર હારે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા ભાજપના ત્રીજા ઉમેદવાર નરહરિ અમીન જીતે તેવી વકી**

ગાંધીનગર,તા. ૧૫

રાજયસભાની ચૂંટણીને લઈ ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો છે. આજે કોંગ્રેસના એક પછી એક ધારાસભ્યોના રાજીનામાને પગલે રાજયસભા ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસમાં ભૂકંપ આવી ગયો છે. આજે કોંગ્રેસના ચારથી પાંચ ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા હતા. આ અંગે સત્તાવાર જાહેરાત હજુ બાકી છે. આ રાજકીય ઉથલ પાથલ વચ્ચે હવે કોંગ્રેસને રાજયસભાની એક બેઠક ગુમાવવી પડે એવી સ્થિતિ થઈ છે. જ્યારે ભાજપ ત્રણ બેઠક જીતવાથી માત્ર ૧ મત દૂર છે. ખાસ કરીને ભાજપના ત્રીજા ઉમેદવાર નરહરિ અમીનની જીતની શકયતાઓ હવે બળવત્તર બની છે. રાજયસભાની ચૂંટણીમાં દરેક ઉમેદવારને જીતવા માટે ૩૫ મતની જરૂર પડશે. જેમાં ભાજપના ૩ ઉમેદવારને જીતવા કુલ ૩૫ ગુણ્યા ૩ = ૧૦૫ મતની જરૂર પડે.

હાલ ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યોનું સંખ્યાબળ છે, જેમાં એનસીપીના કાંધલ જાડેજાનો પણ મત મળે તો આ સંખ્યાબળ વધીને ૧૦૪એ પહોંચે અને ભાજપને જીતવા માટે માત્ર ૧ મતનો ખેલ

● અનુસંધાન પાન-૭ પર



સંધ્યાના અદ્‌ભૂત રંગો... સૂર્યોદય અને સૂર્યાસ્ત એ સતત ચાલતા જીવની દરરોજ સાક્ષી પૂરે છે. સૂર્ય ઉગે અને આથમે છે ત્યારે આકાશમાં અદ્‌ભૂત રંગોની રંગોળી સર્જાય છે. વળી તેમાંય જો આકાશમાં થોડાક વાદળોની અવરજવર હોય તો એવું અદ્‌ભૂત દશ્ય સર્જાય છે કે મન પ્રફુલ્લીત થઈ ઉઠે છે. વસંત ચાલી રહી છે ત્યારે વૃક્ષો પર રંગબેરંગી ફૂલો ખીલી ઉઠ્યા છે અને આકાશમાં આવા સુંદર રંગો સર્જાય ત્યારે તો નીરસ વ્યક્તિ પણ આનંદિત બની ઉઠે છે.

## શૌચાલયોની ગુણવત્તા ચકાસવા આજે રાજયની ટીમ જિલ્લામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

સ્વચ્છ ભારત મિશન હેઠળ જિલ્લામાં બનાવાયેલ વ્યક્તીગત શૌચાલયો તેમજ સામુહિક શૌચાલયોના કામોની ગુણવત્તા ચકાસણી માટે આજથી બે દિવસ માટે ખાસ ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

સુશ્રી મેઘના પટેલના નેતૃત્વમાં આ ટીમ જિલ્લાની મુલાકાત લેશે. તેઓ મદદનીશ કમિશ્નર તરીકે હાલ સેવાઓ આપી રહ્યા છે. ૧૬ માર્ચ અને ૧૭ માર્ચના રોજ તેમની ટીમ જિલ્લામાં ફિલ્ડ વીઝીટ કરશે.

મળતી વિગતો પ્રમાણે આ ટીમ જિલ્લાના ચાર ગામની મુલાકાત લેશે તેમજ ઓછામાં ઓછા ૨૦ લાભાર્થીઓના શૌચાલયના સ્થળ તપાસ કરશે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં બનાવાયેલ સામુહિક શૌચાલયોની સ્થળ તપાસ માટે પણ ચાર ગામની મુલાકાત લેશે.

મળતી વિગતો પ્રમાણે શૌચાલયોની ગુણવત્તા ચકાસણી માટે સરકાર દ્વારા એક ખાસ ચેકલીસ્ટ તૈયાર કરવામાં આવ્યુ છે. આ ટીમ તેના પોતાનો અહેવાલ ફિલ્ડ વીઝીટને અંતે બંધ કવરમાં આપશે. રાજયમાં શૌચાલયો બનાવવામાં ગુણવત્તા નહિ જળવાઈ હોવાની ફરિયાદોને આધારે આ ટીમ મોકલવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. આ ટીમ દ્વારા ગામની વિઝીટને લગતી ફોટોગ્રાફી પણ તેમના અહેવાલ સાથે જોડવાની રહેશે એટલુ જ નહિ સ્વચ્છતા બાબતમાં ગ્રામ્યકક્ષાએ ચાલી રહેલી અન્ય કામગીરીનો પણ અહેવાલ આપવાનો રહેશે.

## રાજ્યમાં લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સુધી વધવાની શકયતા

અમદાવાદ, તા. ૧૫

રાજ્યના ગાંધીનગર સહિત મોટાભાગના વિસ્તારોમાં આજે વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ પણ જોવા મળી હતી. બીજી બાજુ હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે ગરમીના પ્રમાણમાં વધારો થશે. આવતીકાલે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીની આસપાસ રહી શકે છે જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહી શકે છે. આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી રહ્યું હતું. જ્યારે અમદાવાદ શહેરમાં પારો ૩૩.૨ રહ્યો હતો નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી રહ્યું હતું. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૩૦થી ૩૩ ડિગ્રી વચ્ચે રહ્યો હતો.

## જિલ્લામાં આજથી ૨૯ માર્ચ સુધી શાળા કોલેજો બંધ રહેશે

**જિલ્લાની પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહીત કુલ ૧૧૦૦ જેટલી શાળાઓમાં સુનકાર જોવા મળશે : શૈક્ષણિક કાર્ય બંધ રહેશે : મુખ્યમંત્રી તેમજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો : નગર અને જિલ્લાના સિનેમાઘરો, સ્વીમીંગ પુલ ઉપરાંત શોપિંગ મોલ પણ બંધ રાખવા આદેશ કરાયો : જાહેર સ્થળોએ થુંકવા પર પ્રતિબંધ રૂ ૫૦૦ નો દંડ થશે : કોઇપણ પ્રકારના મેળાવડા કે કાર્યક્રમો ન યોજવા પણ અનુરોધ**

ગાંધીનગર તા ૧૫

કોરાના વાયરસના કહેરના લીધે દેશમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી છે. દેશના વિવિધ ભાગોમાં વધતા કોરોના વાયરસના વધતા કેસના લીધે કોરોનાને ડિઝાસ્ટર તરીકે જાહેર કરી દીધુ છે. દેશમાં કોરોના વાયરસના મુળિયાને મજબુત થતા અટકાવવા માટે સાવચેતીના તમામ પગલા લેવા માટે સમગ્ર સરકારી તંત્ર હરકતમાં આવ્યુ છે. દેશના મોટાભાગના રાજયોમાં શાળા કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવ્યા બાદ ગુજરાતમાં પણ શાળા કોલેજોમાં બે અઠવાડીયાની રજા સરકારે જાહેર કરી દીધી છે. ગાંધીનગરમાં આજે મળેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન આ નિર્ણય લેવાયો છે. જેમાં શાળા કોલેજો ઉપરાંત સ્વીમીંગ પુલ અને શોપિંગ મોલ પણ બંધ રાખવા સુચના આદેશ જારી કરાયો છે. જેના પગલે ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક સહીત ૯૫૦ જેટલી શાળાઓ ઉપરાંત પ્રિસ્કુલ અને આશ્રમ શાળાઓ પણ બંધ રહેશે. જિલ્લાની અંદાજિત ૧૧૦૦ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. જયારે હાલ ચાલી રહેલી બોર્ડની પરીક્ષા યથાવત રહેશે.

ચીનથી દુનિયાના વિવિધ દેશોમાં પગરવ કરી ચુકેલા કોરોના વાયરસના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા છે. કોરોના વાયરસના લીધે ભારતે પણ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે. જયારે સમગ્ર દેશમાં અત્યાર સુધી કોરાના વાયરસ બે ને ભરખી ગયો છે. જયારે અંદાજિત ૯૧ જેટલા પોઝિટીવ કેસ નોંધાયા છે. ત્યારે ગુજરાતમાં પણ આ વાયરસને તેજીથી ફેલાતો અટકાવવા માટે કેટલાક સાવચેતીના પગલા લેવા નિર્ણય લીધો છે. જેના લીધે રાજયની શાળા કોલેજો ઉપરાંત શોપિંગ મોલ અને સ્વીમીંગ પુલ બે અઠવાડીયા સુધી બંધ રાખવા

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરમાં ૫ અને કલોલમાં ૭ મળી કુલ ૧૨ હેલ્થ ક્લિનીકો શરૂ કરાશે

**આ હેલ્થ ક્લીનીકો સાંજના ૫ થી ૯ ચાલશે : જમીન-ઇન્ફ્રાસ્ટ્રક્ચર શહેરી વિકાસ વિભાગની જવાબદારી રહેશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં ૧૨ જેટલા હેલ્થ ક્લીનીક એપ્રિલ-૨૦૨૦થી શરૂ કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય એ ભારતનું ત્રીજા નંબરનું સૌથી વધુ શહેરીકરણ ધરાવતુ રાજ્ય છે. હાલ રાજયમાં ૩૧૭ શહેરી પ્રા.આ. કેન્દ્રો દ્વારા આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે પરંતુ આ સેવાઓના સઘનીકરણ માટે સરકારે નવા વર્ષના બજેટમાં ૧૦ હજારની વસ્તીએ ૧૦૦૦ હેલ્થ ક્લીનીક શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

જેમાં ૨૦૨૦-૨૧માં શહેરી વિસ્તારના સ્લમ/સ્લમ લાઈક/વલ્નેરેબલ વસ્તીમાં રહેતા લોકોના ખિસ્સા બહારનો ખર્ચ ઘટે, ટ્રાન્સપોર્ટ ખર્ચની બચત થાય તેમજ દૈનિક વેતન વેડફયાં સિવાય ઘર આંગણે પ્રા.આ. સંભાળની નિદાન, લેબોરેટરી ટેસ્ટ, સારવાર અને દવાઓ મળી રહે તે માટે ૧૦૦૦ હેલ્થ ક્લીનીક શરૂ કરવામાં આવશે.

મળતી વિતો પ્રમાણે સાંજના ૫ થી ૯ આ ક્લીનીકનો સમય હાલ નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ ક્લીનીક માટે જમીન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તમામ જવાબદારી શહેરી વિકાસ વિભાગને સોંપવામાં આવી છે.

તાત્કાલિક રીતે સરકારી સંસ્થાઓના મકાનમાં આ ક્લીનીક શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરી વિસ્તારની હાલની આરોગ્ય સેવાઓનું પણ મેપીંગ કરવામાં આવશે અને જરૂર જણાયે વધુ ક્લીનીક શરૂ કરવા માટે જે તે શહેરી સ્વરાજ્યની સંસ્થાઓએ અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

ગાંધીનગર શહેરમાં પાંચ અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં સાત આવા ક્લીનીકો શરૂ કરવામાં આવશે. સરકારે હાલ ૮૫ મહાનગરપાલિકામાં ૭૧૫ અને નગરપાલિકા વિસ્તારોમાં ૨૮૫ એમ કુલ મળીને ૧૦૦૦ ક્લીનીક શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં હાલ જે વસ્તી છે તેમાં ૪૫ હજાર જેટલા લોકો સ્લમ/સ્લમ લાઈક કે વલ્નેરબલ પોપ્યુલેશન કેટેગરીમાં છે. જ્યારે કલોલમાં આવા ૬૫ હજારથી વધુ લોકો છે.

હાલ ૧૨ આવા હેલ્થ ક્લીનીકો એપ્રિલ-મે દરમ્યાન કાર્યરત કરી દેવાના રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com